''જયોતિ ગ્રામ યોજના'' નવી બાબત- સને
૨૦૦૩-૦૪ માટે ગુજરાત વિદ્યુત બોર્ડને સહાયકી
બાબતની યોજનાને વહીવટી મંજુરી આપવા
બાબત.

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦-૨૦૦૦૩-૯૭૬-ક.૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૩ - ૯ -૨૦૦૩

**ઠરાવઃ**

રાજયના ગામડાઓમાં કુટિર / ગૃહ ઉદ્યોગ જેવા નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થાય, સ્થાનિક લોકોને તેને કારણે સ્થાનિક રોજગારીની વધુ તકો ઉભી થાય અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે, લોકોને સારી આરોગ્ય સેવાઓ તથા માળખાગત સુવિધાઓ પૂરી પાડી શકાય તે માટે ગ્રામ્ય વિસ્તારોમાં સતત ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પૂરવઠો પૂરો પાડવાનું રાજય સરકારે નકકી કરેલ છે. આ દિશામાં અસરકારક અમલીકરણ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકોના વ્યકિતગત ઉત્કર્ષ તથા લોકોને રોજીરોટી તેમજ સુખ સગવડમાં વધારો થવાથી શહેરો તરફનું સ્થળાંતર અટકાવવા માટે તથા ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસના આયોજનરૂપે રાજય સરકારે વર્ષ ૨૦૦૩-૦૪ થી રૂા.૫૦ કરોડની આયોજન સદરે જોગવાઇ કરી **''જયોતિ ગ્રામ યોજના''** અમલમાં મૂકવાનું નકકી કરેલ છે.

આમ ''જયોતિ ગ્રામ યોજના''ના અમલીકરણ માટે નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) રાજય સરકારના વર્ષ ૨૦૦૩-૦૪ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા.૫૦ કરોડની જોગવાઇમાંથી ગુજરાત વિદ્યુત બોર્ડને ફાળવવામાં આવનાર રકમ તથા સરકારી / બિન સરકારી સંસ્થા, અન્ય સ્વૈચ્છિક સંસ્થા કે વ્યકિતગત દાતા વિગેરે તરફથી મળનાર રકમ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા **''જયોતિ ગ્રામ યોજના''** નામના અલગ ફંડમાં રાખવાની રહેશે અને તેમાંથી આ યોજનાનું ખર્ચ મેળવવાનું રહેશે.

(૨) પ્રથમ તબકકે ૩૦૦૦ કરતાં વધારે વસ્તીવાળા ૪૦૦ ગામોને ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજળી આપવાની વ્યવસ્થા આ યોજના હેઠળ કરવાની રહેશે. વધુમાં સબ સ્ટેશન અને ૩૦૦૦ થી વધારે વસ્તી ધરાવતા ગામ વચ્ચે જે ગામો ૪૦૦ મીટરના અંતરમાં આવતા હોય તેવા ગામોને પણ આવરી લેવા પ્રયાસ કરવાનો રહેશે.

(૩) ૧૯૯૧ ની વસ્તી ગણતરી અનુસાર ૩૦૦૦ અગર તેથી વધુ વસ્તી ધરાવતા ગામોએ ઓછામાં ઓછા રૂા. ૧ લાખ ભરવાના રહેશે. અને તેથી વધારે રકમ ભરવા તૈયાર હોય તેવા ગામોને પ્રાધાન્ય આપવાનું રહેશે. તથા તેના ૪૦૦ મીટરની હદમાં આવતા ૩૦૦૦ થી ઓછી વસ્તીવાળા ગામોએ રૂા. ૩૦,૦૦૦/- ભરવાના રહેશે. અને ૪૦૦ મીટરથી વધુ અંતર ધરાવતા ગામો આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તો લઘુત્તમ રૂા. ૩૦,૦૦૦/- ઉપરાંત વધારાના કિલોમીટર દીઠ રૂા.૪૦,૦૦૦/- ભરવાના રહેશે. તેમજ કોઇ ગામ સબ સ્ટેશનથી સીધી અથવા નજીકથી વીજલાઇન પસાર થતી હોય તે ગામને રૂા. ૪૦,૦૦૦/- ભરવાના રહેશે.

(૪) માનનીય સંસદસભ્યશ્રીઓ અને માનનીય ધારાસભ્યશ્રીઓની વિવેકાધીન ગ્રાન્ટમાંથી પણ આ યોજના માટેના જયોતિ ગ્રામ વિકાસ યોજના ફંડમાં ગામના નામ જોગ ફાળો આપી શકાશે.

ગ્રામીણ વિસ્તારમાં કામ કરતી ખેડૂત સહકારી મંડળીઓ, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, માર્કેટીંગ યાર્ડ, સહકારી બેંકો, દૂધ સહકારી મંડળીઓ, વિવિધ કારના ફેડરેશનો, ખાંડ મિલો વિગેરે બિન સરકારી સંસ્થાઓ કે વ્યકિતઓ પાસેથી જીલ્લા અથવા તાલુકાના ગામોને ''જયોતિ ગ્રામ યોજના '' હેઠળ આવરી લેવા માટે ગામના નામજોગ રકમ આ ફંડમાં લઇને જે તે ગામ માટે આ યોજનાની કામગીરી કરવાની રહેશે. આવી સંસ્થાઓ કે વ્યકિતગત દાતાઓ દ્વારા આ યોજના માટે આપેલ ફાળા અંગે ગામની મહત્વની જગ્યાએ શિલાલેખ તકિત મૂકી શકાશે.

વધુમાં બીજા સ્ત્રોતો જેવા કે સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળ ઔધોગિક ગૃહો દ્વારા અપાતી લેવીની રકમનો તેમજ નાણાં પંચ, ગુજરાત પેટર્ન, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, જીલ્લા આયોજન મંડળ હસ્તકની ગ્રાન્ટ, ગુજરાત રાજય ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ રકમ વિગેરે ''જયોતિ ગ્રામ યોજના'' ના ઝડપી અમલીકરણ માટે નાણાંકીય સહાય પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા કરવાની રહેશે.

આમ આ યોજનાના અમલીકરણ માટે રાજય સરકારના અંદાજપત્રમાંથી ૫૦% અને અન્ય સ્ત્રોતોમાંથી ૫૦% રકમ મળે તેવું કાળજીપૂર્વક આયોજન ઉચ્ચ કક્ષાએ કરવાનું થશે અને અન્ય પ્રકારની સહાય વિશિષ્ટ દાન તરીકે પ્રાપ્ત કરવા અને ઉપર્યુકત ફંડમાં જમા લેવા માટે ગુજરાત વિદ્યુત બોર્ડને મંજૂરી આપવામાં આવે છે.

(૫) આ યોજના હેઠળ આવરી લેવાયેલ ગામને અપાયેલ જે તે વીજ પુરવઠાના કુલ યુનિટસના ઓછામાં ઓછા ૯૦ ટકા યુનિટનું જે તે ગામે બીલ ભરવાનું રહેશે. તેમાં જે ઘટ આવે તે ઘટના વીજ યુનીટની રકમ ઘરગથ્થું વીજ વપરાશ માટે ઠરાવેલ દરના મહત્તમ દરે સંબંધિત ગ્રામ પંચાયતે ભરપાઇ કરવાની રહેશે. તે અંગે જે તે ગામની ગ્રામ સભા અને ગ્રામ પંચાયતે સંમતિ આપતો ઠરાવ કરીને યોજનાના અમલ કરતાં પૂર્વે ગુજરાત વિદ્યુત બોર્ડને આપવાનો રહેશે.

જો વીજ પુરવઠાના બીલીંગમાં વારંવાર ઘટ આવશે તો તે ગામને ''જયોતિ ગ્રામ યોજના'' માંથી બાકાત કરવાની રાજય સરકારને ફરજ પડશે.

(૪) આ અંગેનો ખર્ચ
માંગણી નં. ૧૨ (આયોજન)
મુખ્ય સદર : ૨૮૦૧-વીજળી શક્તિ
પેટા મુખ્ય સદર : ૮૦ - સામાન્ય
ગૌણ સદર : ૮૦૦
પેટા સદર : ૨૧-''જયોતિ ગ્રામ યોજના '' હેઠળ ગુજરાત વિદ્યુત બોર્ડને સહાયકી
હેઠળ ઉધારવાનું રહેશે.

આ ઠરાવની વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૭/૭/૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી. પટેલ)
ઉપ સચિવ,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આયોજન, આ.બાં.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- સર્વે સભ્યશ્રીઓ, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- નાણા વિભાગ / ક - શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઇલ.